સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ખાયકીના કોડ ને પોસ્ટીંગની દોડમાં રસ છે,
લેતા નથી ફરિયાદ એ, તડજોડમાં રસ છે
બાંધ છોડ કરે 'અફ્રાઓમાં' 'કપલ' વેતરી નાખે -
રાખે કાયદો ખિસ્સામાં, એમને તોડમાં રસ છે.

હાઈકુ

ઘૂંટાયા કરે!
રહી જાય મનમાં -
'મન કી બાત'
(હૈયાંનું હોઠે આવતું નથી)

ભાખ્યું ભવિષ્ય!
ને કહી દીધું સત્ય -
શ્રી પુરોહિતે..
(તેલંગાણાના ધારાસભ્ય)

ચિંતન

આત્માધીન શરીરાણાં સ્વપતાં નિંદ્યા સ્વયા ।
કંદનમપિ મર્ત્યાનામ મૃતત્વાય કલ્પતે ॥

જેનું શરીર પોતાને અધીન છે. (અર્થાત તંદુરસ્ત-સ્વસ્થ છે, બધી જ ઇન્દ્રીઓ બરાબર કાર્યરત હોય અને એના પર પોતાને કાબૂ અંકુશ હોય-અધીન હોય) જાતે સુખે નિંદ્રા લેતો હોય. અર્થાત કોણ પણ જાતની બિમારી-ચિંતા ન હોવાથી ઊંઘ પણ નિશ્ચિત અને ત્વરાથી આવી જતી હોત) એવા માણસ ગમે તેવું સારું-સરળ હલકું (ખીચડી-દાલ-રોટી જેવું) અન્ન સમયસર અને સારી ભૂખ લાગી ત્યારે જો મળી જતું હોય તો એ અન્ન પણ અમૃત જેવું લાગે છે. અર્થાત વિશેષ પકવાન-અન્નકુટની તૃષ્ણા વિના તંદુરસ્ત વ્યક્તિને જે પણ હલકું-સાદું ભોજન મળી જાય તે અમૃત જેવું લાગે છે.

સામાન્ય મજૂર સખત પરિશ્રમ કરે છે એટલે એનું શરીર કસાયેલું-મજબૂત અને નિરોગી હોય છે. આવા લોકો ખૂલ્લામાં રોજેરોજનું રાશન લઇ આવી - વૃક્ષ નીચે ચૂલો કરી, રોટલો-શાક ખાય છે એ ભૂખ સંતોષવાની ક્ષણ એમને માટે તો અમૃત પ્રાપ્ત થયું હોય એવી મધુર છે.

જયારે આપણું સર્વરોગના ભંડાર જેવું શરીર નજર સામે પડેલી વાનગીઓ પણ ખાઇ શકતા નથી. સંતોષી અને સંયમી શરીર સુખનો ખજાનો છે.

સુવિચાર

- ગમવામાં 'કારણ કે' હોય છે.. અને ચાહવામાં તો 'આમ છતાં' જ હોય છે - ચંદ્રકાન્ત બક્ષી
- કોઇ પણ બાબતના ઉકેલ માટે ચારમાંથી એક ઇલાજ લાગુ પડે જ છે. ખારૂ પાણી, પરસેવો, આંસુ, દરિયો - ઝેન કથન
- જીવનનો વિરોધી શબ્દ 'મૃત્યુ' નથી 'અવગણના' છે - રાજચંદ્ર
- પૂર્વગ્રહ કરતાં અજ્ઞાન સત્યથી ઓછું વેગળું હોય છે - અખંડ આનંદ
- રૂપા લેને મેં ગયા.. સુના કરી સ્વદેશ.. રૂપા મિલા ન સુખ મિલા... રૂપા હો ગયા કેશ - જનકલ્યાણ
- પૂર્વગ્રહથી ભરેલો માણસ જુએ ત્યારે ત્રાંસુ જ જુએ છે.. અને જયારે બોલે ત્યારે જુઠું જ બોલે છે - કાકાસાહેબ કાલેલકર
- જેની કદર ના કરી શકો એ તમારી પાસેથી ધીમે ધીમે દૂર થતું જાય છે.. અને એક દિવસ એ ગુમ થઇ જાય છે - એસ. ભટ્ટાચાર્ય

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

સ્વપ્નમાં આપણને ઘણા સારા-ખરાબ વિચારોને કારણે વિચિત્ર ઘટનાઓનો અનુભવ થાય છે ક્યારેક આનંદ આવે ક્યારેક દુખી થવાય - જાગીએ ત્યારે 'હાશ' થાય કે સારું આ તો સ્વપ્ન હતું.

સૂફી સંત અલ્હાના મોટા ચિંતક હતા. ઇશ્વર-ખૂદાના સાક્ષાત્કાર માટે ખૂબ જ ચિંતન-મનન-વાચન કરતા - એમની એક જ મહત્ત્વકાંક્ષા હતી. ખૂદાની સાથે રૂબરૂ વાત કરવી.

કોઇ પાસે એમણે સાંભળ્યું હતું કે સ્વપ્નમાં ઘણીવાર સામાજિક બનાવોના સુષુપ્ત મન પર ખરાબ અસર પડે ત્યારે ખરાબ સ્વપ્ન આવે છે. સ્વપ્નમાં પણ સંતનું પતન થઇ જાય છે. આવી બીકે સૂફી ઓલિયો કદી સૂતો નહીં. જાગવાની ટેવ પડી ગઇ કદી જરા ઊંઘ જેવું લાગે તો 'મીઠાં' નમકનો સૂરમો આંખમાં આંજીને પણ જાગતા ઇશ્વરની આવી તાલાવેલી હતી.

એકવાર ઇબાદત કરતાં 'ધ્યાન' લાગી ગયું અને યોગનિંદ્રામાં ઢળી પડ્યા. ઊંઘમાં ખૂદા હાજર થઇ ગયા. સૂફીને સાક્ષાત્કાર થયો. સૂફીએ પૂછ્યું. ખૂદા તમારા દર્શન માટે હું ચાલીસ વર્ષ જાગતો રહ્યો છતાં તમે મને સપનામાં જ રૂબરૂ મળવા આવ્યાં!?

ખૂદાએ કહ્યું, તારા ચાલીસ વર્ષના એ 'જાગૃત' અભિયાનનું આ પરિણામ છે...

અને સંત આનંદસાગરમાં ડૂબકી મારી જાગી ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

ખતરનાક ખાંડવી..!! ખાના-ખજાનાની ખાંડવી ખાવી એ કાંઇ ખાવાનાં ખેલ છે..!!

હવે મનમાં છવાયો એ રીતે આલમ આ હતાશાનો, હું પેંડા ખાઉં છું તો મને સ્વાદ આવે છે પતાસાનો
તારી અવનવી રેસિપીનાં કિસ્સા કોને કહેવાનો?, ખિચડી ખાઇ લેવાનોને ખાંડવીની ખો ભૂલી જવાનો

આજકાલ મારી પત્ની પિંકી એકાદી વાનગી બનાવવાની વાત કરે એટલે મને ટાઢ ચઢે છે હું તરત જ મેડિકલ સ્ટોર્જ જઇને 'મેક્સાફાર્મ' અથવા 'લોમોટીલ' જેવી પેટ બગડ્યા બાદ લેવાતી ગોળીઓ લઇ આવું છું. મન મક્કમ કરીને ડિશ હાથમાં લઉં છું. સાચ્ચે તો મને ક્યાંક દૂર ભાગી જવાની ઇચ્છા થાય છે. પણ, મારી યુવાન દેખાવડી પત્નીને આમ એકલી મૂકી બેજવાબદારી પૂર્વક ચાલ્યા જવું યોગ્ય નથી લાગતું! સમાજને ચર્ચા કરવાનો વિષય આપવા કરતાં, એકલાએ ભોગવી લેવું મને વધારે યોગ્ય લાગે છે!

બહેનો, તમે કહેશો કે આ ભાઇએ એવું તો શું ભોગવ્યું? પત્ની બચારી કેટલી પ્રેમથી એકાદી વાનગી બનાવે, એના વખાણ તો જવા દો, પણ આમ એકદમ ભાગી જવાની વાત... આમેય બધાં પુરુષો એવાં જ હોય છે... આવું બહેનો તો ચોક્કસ કહેશે. પણ પુરુષોના દુઃખને તમે શું સમજી શકો? તમારી સામે તો ઝુકેલા રહેવામાં જ શાણપણ!

કાયમ કરતા આજની સવાર જુદી જ હતી. આજેય એ મને પાક્કું યાદ છે... રવિવાર હોવા છતાં પિંકી જલદી ઉઠી ગઇ. મનેય બૂમ પાડતી ગઇ. મને થોડું દુઃખ થયું, પણ આના પછી આવનારા સંકટ સામે આતો સાવ નગણ્ય જ હતું...

ઉઠોને ડાર્લિંગ... આજે તો હું તારા માટે એક સરસ ગુજરાતી સુરતી વાનગી બનાવવાની છું, પરમ દિવસે તે પેલાં સુષ્માબેન (હું સુષ્મા સાંભળતાં જ ચમક્યો, આજકાલ મને સુષ્મા, વસુંધરા, સ્મૃતિ, પંકજા નામની બહુ બીક લાગ છે) ત્યાં ખાંડવી ખુબ ખાધી હતી ને, એ બનાવવાની છું. (એનાં એ 'ખુબ' શબ્દનાં દર્દ અને અપરાધ બંને શબ્દો ડોકાતાં હતા) મને ખરેખર જ એ ખાંડવી ખૂબ ભાવી હતી... અને આવું મેં સુષ્માબેનને પણ કહ્યું હતું. (એ મારી મહા મુર્ખામી હતી એ મને બહુ મોડુ સમજાયું)

હાં તો, પિંકી મને ઉઠાડતી હતી. સાચ્ચે તો આજે રવિવાર એટલે રજા!! આરામથી ઉઠવાનું, ચા નો મોટો કપ લઇ, છાપાં ઉથલાવવાનાં અને સાંજના ફરવાના કે ફિલ્મના પ્લાનિંગ કરવાનાં, પાછું સોફા પર રિમોટને વહાલ કરતાં આટોળવાનું... મારાં બધાં આરામદાયક પ્લાનિંગ પર ઠંડુ પાણી રેડાયું... હું અકડાઇને ગુસ્સો ના કરું માટે એના બૉયકટ વાળ મારાં ગાલ પરથી ફેરવ્યા... ઉઠે છે ને ડાર્લિંગ, એટલાં પ્રેમાળ શબ્દમાં બોલી, 'ખાંડવી ખાવી છે ને?'

'અરે, મારે ખાંડવી ખાવી છે, પણ એને અને મારે ઉઠવાનો શો સંબંધ?'

અચ્છા, એટલે તારા ઉઠ્યા વગર મને બધો સામાન કોણ લાવી આપશે? અને આ ખાંડવી હું તારા માટે જ બનાવું છું. મને ન તો ખાવાનો શોખ છે ન તો લોકોને ખવડાવવાનો! (એટલે મારા પર ઉપકાર અને હું ખાઉધરો છું એવો ગર્ભિત અર્થ)

ઉઠવું જ પડે એમ હતું, નહીં તો રવિવારનો રામાયણ વાર થઇ જાય. ચાની સાથે ખારી - જે બહુ મોંઘી હોય અને ડાલડા ઘી વધારે હોય એટલે માત્ર બે જ મળે, આજે એણે તો આખો ડબ્બો આગળ ધર્યો. મેં ય 'ચાન્સ મળ્યો છે કે મળવાનો છે' કહીને પુરો દાટ વાળ્યો...

ફટાફટ નહાવું પડ્યું. પિંકીએ થેલી અને રૂપિયા હાથમાં પકડાવ્યાં, હવે જલદી જાવ શ્રીફળ, તલ, ખસખસ, કોથમીર, લીલાં મરચાં, આદું, પાંચસો ગ્રામ દહીં અને ચણાની દાળ લેતા આવો... હું એના તરફ પ્રશ્નાર્થ ભર્યા નજરે જોઇ રહ્યો... 'આ બધું જ જરુરી છે, અને હા તમે ભૂલી ન જાવ એટલે આ લખીને લિસ્ટ તૈયાર છે.' (મારી બુદ્ધિના બાર વગાડી દીધાં).

બધી જ વસ્તુઓ લઇને હું ફટાફટ પિંકીની અપેક્ષા કરતાં વહેલો આવ્યો. લગનના આ બે વર્ષમાં હું પહેલી વાર આટલાં બધાં કામ એક સાથે પતાવી ઘરે આવવા બદલ એ મારા વખાણ કરતી હતી... હું જરા લટાર મારવા બહાર નિકળ્યો, એટલે તરત બોલી, 'ક્યાં ઉપડ્યાં?' આ બધી વસ્તુ આમ જ મુકીને? થોડી કોથમીર વિણી આપો. થોડું ટોપરું છીણી આપો. થોડાં તલ-ખસખસ સાફ કરી આપો, એમાં ઝીણી કાંકરી હોય છે. ક્યારેક ક્યારેક... હું જરા ગુસ્સામાં જ બોલ્ય, 'બીજું કાંઇ થોડું બાકી છે?'

'કાંઇ નથીં હો, બાકીનું બધું તો હું જ કરવાની છું, ફક્ત આટલું તો કામ બતાવ્યું છે!'

પિંકીનું થોડું અને ફક્ત તમારા ધ્યાને આવ્યું જ હશે. કોથમીર ધોઇને કાપી આપી. ટોપરું છીણી આપ્યું. તલ-ખસખસ વીણી આવ્યા. છાશ પણ મારી જોડે જ બનાવડાવી. પછી બોલી, 'આય હાય, ચણાની દાળ દળવાની તો રહી ગઇ!' પત્ની માટે કેટલું કરવું પડે છે, મને મારી મમ્મી યાદ આવી, એના માટે ક્યારેય કશું નહોતું કર્યું અને આ બાઇ... જવા દો... મહિલામુક્તિ, સ્ત્રી સ્વાતંત્ર્ય, સમાન હક્ક, મોર્ડન શિક્ષણ બધાંને લીધે આ સ્ત્રીઓ વધારે દોઢડાહી થઇ છે એવું મને લાગવા લાગ્યું!!

માંડ હાથ ધોઇને સોફામાં લાંબો થઇ છાપું હાથમાં પકડ્યું ત્યાં તો પિંકી કોઇ મોટું કૌભાંડ પકડાયું હોય એવો ચિંતાગ્રસ્ત ચહેરો લઇ મારી સામે પ્રગટ થઇ, હવે તો હું ય ગભરાયો, પ્રશ્નાર્થ ચિન્હ સાથે એને જોવા લાગ્યો. પિંકી ગળગળી થઇને બોલી, 'એક વાટકી લોટ માટે કેટલો વાટકી છાસ લેવાની? મને યાદ આવતું નથી, જરા સુષ્માબેનને ફોન કરીને પૂછો ને? ખાંડવી ભાવી એવું હું જ બોલ્યો હતો, એટલે સુષ્માબેનને ફોન પણ મારે જ કરવાનો!'

સુષ્માબેનનો ફોન એમના પતિએ ઉપાડ્યો, 'એ તો ફિલ્મ જોવાં ગઇ છે.' હવે પિંકીએ મને સામેવાળા સ્મિતાને ત્યાં મોકલ્યો, જાવ જરા પુછતાં આવો... બે-ત્રણ ઘરે ફરી આવ્યો, પણ કોઇને ચોક્કસ પ્રમાણ ખબર નહોતું, પણ બહુમતીથી જે આંકડો આવ્યો એ પ્રમાણે ખાંડવી બનાવવી શરુ થઇ....

થાળી પર તેલ ચોપડવાનું, એના પર ચઢેલું ચણાની દાળનું ખીચું પાથરવાનું (હાથ દઝાય ત્યાં સુધી), એનાં પર ફટાફટ ટોપરું, કોથમીર ભભરાવવામાં મેં એની મદદ કરી અને બહાર જઇને ખાંડવીની રાહ જોતો બેઠો. રેશમ જેવી લિસ્સી, સુંવાળી, એકમદ પીળી ખાંડવી એના પર તાજી કોથમીર, ટોપરાંનો દૂધ જેવો છીણ, ઉપરથી હિંગ-રાઇ-મીઠો લીમડો અને ખસખસનો વઘાર...

સવારથી આ બધી માથાકૂટમાં મારી ઊંઘ થઇ નહોતી અને મને સોફા પર બેઠો બેઠાં જ ઊંઘ આવી ગઇ. સાડા બારે પિંકીને મને ઉઠાડ્યો. ખાંડવી ખાવાની કલ્પનાથી હું મલકાયો... એટલામાં પિંકીના ચહેરા સામે નજર પડી, ઉતરેલી કઢી જેવો એનો ચહેરો, અરધાથી વધુ કામો તો મેં જ કરી આપેલા પછી આને શાનો થાક લાગ્યો?

હું તો માંડ માંડ હસ્યો, પણ એ તો ના જ હસી. મેં એમ જ પુછ્યું. 'થાઇ ગઇ?' 'નારે, થાકવા જેવું શું છે? પણ, ખાંડવી જોઇએ એટલે સારી નથી થઇ. શું ભૂલ થઇ સમજાતી નથી, કેટલીય વારે તોડીને ફરી બનાવી, પણ... મેં કહ્યું, જવા દે ને એમાં આટલું શું માઠું લગાવવાનું? જેવી બની હોય એવી પિરસી દે, નર્વસ ના થઇશ!'

ખાંડવીનું નયનરમ્ય દેશ્ય સજાવીને હું બેઠો હતો અને થાળી આવી. એ જોઇને આંચકો ખાઇ ગયો... ખાંડવીની જગ્યાએ બેસવાના ગઠ્ઠે ગઠ્ઠાં... હવે નર્વસ થવાનો વારો મારો હતો... પિંકી બોલી, 'તમે દાળનાં દયણામાં જ દાળ દળાવી હતી ને? ઘણીવાર ભેળસેળ થઇ જાય છે.'

'અરે, હોય, મેં મારી નજર સમક્ષ જ દયાવેલી.'

'પણ, ટેસ્ટ તો સરસ થયો છે ને?'

ચણાના દાળનાં લોંદા ગળતો હું બોલ્યો, 'અમે તો બરાબર જ છે, પણ દાંતમાં ખસખસની કાંકરીઓ ચવાતી હતી, પણ મેં જ વિણેલી, એટલે કોને કહેવું? ખાંડવીના લોચા ગળા નીચે ઉતરતાં નહોતાં, પણ જો હવે હું કશું બોલીશ તો પિંકી રડી પડશે, એટલે પરાણે હસતો હતો. સતત કહેતો, 'હમે તે હોય બાકી ટેસ્ટ તો કહેવો પડે!'

મિત્રો, ખોટું નાટક કરવા કેટલો પ્રયત્ન કરવો પડે છે, એ તો તમને ખબર જ હશે. આ મોંઘવારીના જમાનામાં બધું ફેકવું ય કેવી રીતે? આટલી ખસખસ, કોથમીર, ટોપરું, એનાં દેખાતાં પેલાં લોટનો એક લોચો મોંઢામાં નાંખતો, અને એનું ધ્યાન હટે એટલે પાણીના ગ્લાસમાં નાંખી દેતો. 'સરસ બની છે હોં...' એવું સાંભળીને એ પણ મને પીરસતી જ ગઇ...

એટલામાં સામેવાળા ઉષા માસી આવ્યા, 'એય પિંકી, કેવી બની ખાંડવી?' પિંકીનો ચહેરો પડી ગયો, પણ એમ પાછી એ પ્રસંગની સાવધાની પામીને વર્તન કરે એવી સેલ્ફીનો પોઝ આપીને બોલી.

'અરે, માસી રેશમ જેવી મુલાયમ અને એવી તો ટેસ્ટી ખાંડવી બની કે આમણે બધી ઝાપટી નાંખી! (મેં પણ એ વખતે સમયસૂચકતા વાપરી, થાળી લઇ સીધો જ ચોકડી બાજુ દોડી ગયો) અને થોડી વધેલી ખાંડવી મેં ખાઇ નાંખી.. આવતી કાલે વધારે બનાવીશ અને તમને આપીશ... ઉષા માસી ગયાં બાદ પિંકી બોલી, 'મારી બેટીએ જાણી જોઇને ખોટું માપ કિધું હશે, એટલે આપણી ખાંડવી કેવી બગડી એ જોવાં જ આવ્યાં હશે!' આગળ બીજું પિંકી શું બોલી મને ખબર નથી કારણ મારું પેટ દુઃખવાનું ચાલું થઇ ગયું અને જે જગ્યાએ દિવસમાં એક જ વાર જતો ત્યાં આજે ચાર-પાંચ વિઝીટ કરી લીધી...

એ પછી તો ક્યારેય ન વંચાતી 'ગીતા' પર હાથ મુકીને સોગંધ ખાધાં કે આ 'પલ્લવ પટેલ' ક્યારેક કોઇની કોઇ વાનગીના સાચાં કે ખોટાં વખાણ પત્ની સમક્ષ નહીં કરે, કારણ કે આ ખાના-ખજાનામાં જે વાનગી તૈયાર થશે એને માત્ર અને માત્ર મારે જ સહન કરવી પડશે! એટલે હું તો હવે ખાંડવીની ખો ભૂલી ગયો...

ચૂંટલો : ખાંડવી જેવાં વિવિધ વાનગીના વિચિત્ર અનુભવ મિત્રો તમને પણ થયાં જ હશે ને? તો લો આ પો તાલી! ના આવ્યો હોય તો મારા અનુભવ પરથી શીખો અને કોઇ પણ વાનગીની પોતાની પત્ની સમક્ષ બહુ વખાણ કરશો નહીં, એટલું યાદ રાખજો, નહીં તો ખતરનાક ખાંડવી ખાવાની તૈયારી રાખજો.

જો આજે તમે સમયની કદર નહીં કરો તો કાલે સમય તમારી કદર નહીં કરે

નવાં કલેવર
- નટવર હેડાઉ

ઘંટ વાગ્યાની લગભગ પાંચ છ મીનીટ પછી પ્રો. શશીકાંત પોતાની ખુરશીમાંથી ઊભા થયા. બુટને ભોંયતળીયે બરાબર ખંખેર્યા. સ્ટાફ રુમમાં લાગેલ અરિસામાં જોઇ તેમણે પોતાની ટાઇની નોટ સરખી કરી અને હાજરી રજીસ્ટર તથા પુસ્તકો ઉપાડી સીધા કલાસરુમની તરફ ચાલી નીકળ્યા. તેમને જોઇને તેમની કલાસના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ઘેટાનાં ટોળાંની જેમ ભાગાભાગ કરતાં કલાસરુમમાં ઘુસવા લાગ્યા. બે-ત્રણ મીનીટ સુધી તે કલાસરુમની આગળ ઊભા રહી વિદ્યાર્થીઓનાં એક એક વર્તન ને જોતા રહ્યા. બધા અંદર જતા રહ્યા બાદ એ પણ કલાસરુમમાં ઘુસ્યા. હાજરી રજીસ્ટર ખોલીને લેકચર સ્ટેન્ડ પર રાખ્યું અને ઝીણી નજરે કલાસને જોવા લાગ્યા. તેમણે બધાની નજરો હસતી લાગતી હતી. અચાનક એ સાવધાન થઇ ગયા. કયાંક પેંટની 'ઝીપ' તો ખુલ્લી રહી ગઇ નથી ને? ખાત્રી થતાં એ હાજરી પુરવા રજીસ્ટ્રર તરફ નમ્યા ત્યાં કલાસમાં હસવાના અવાજો આવવા લાગ્યા. તેમણે ચોંકીને ઉપર જોયું. એક વિદ્યાર્થીએ બ્લેક બોર્ડ તરફ ઇશારો કર્યો. પાછા ફરીને જોયું તો બ્લેક બોર્ડ પર આચાર્યનું કાર્ટૂન બનાવેલું હતું. તે સહેજ મલકાયા. પછી બોલ્યા 'તો એમ વાત છે... કાર્ટૂન બનાવવું એ એક ઉચ્ચ કોટીની કલા છે. કલાકાર થોડા જ શબ્દોમાં ઘણું બધું કહી દે છે. રાજનેતાઓ જો કોઇથી લજવાય છે તો એ છે કાર્ટૂનિસ્ટ! સત્યની અભિવ્યક્તિ માટે કાર્ટૂન એક સશક્ત...'

આ..આ...ક છીઃ કોઇને જાણી જોઇને છીંક ખાધી. 'તારી શરદી કોઇ દિવસ નહીં મટે, કેમ કે તને કલાસરુમ અને પુસ્તકોની એલર્જી છે. ચાલો હાજરી બોલો...'

'રોલ નં. એક'

યસ સરર...

'બે'

'યર સર'

ત્રણ.. ત્રણ..

'રોલ નં. ત્રણ ગેરહાજર'

ચારર... યસ સર...

પાંચ - યસ સર...

છ.. છ.. છ..

સોરી સર... યસ સર..

કયાં ખોવયો હતો?

'બગીચામાં' પાછળથી અવાજ આવ્યો. પ્રોફેશર સાહેબ જોવા લાગ્યા કે કોણ બોલ્યું. પણ કલાસમાં સન્નાટો છવાઇ ગયો. તે ખિજાઇ ને બોલ્યા. 'તમને એમ થતું હશે કે તમે એકલા જ બકવાશ કરી શકો છો? નોંનસેન્સ... કહી તેમણે ફરી રજીસ્ટરમાં નજર નાંખી તો પાછળથી અવાજ આવ્યો. 'તમે હો પછી અમે એવી ધૃષ્ટતા કઇ રીતે કરી શકીએ... સર' પ્રોફેશર હાજર જવાબી પર મનમાં ને મનમાં ખિજાઇને રહી ગયા. કરે પણ શું.

'મેં કહ્યું ને સીધી રીતે હાજરી બોલો.'

સાત.... યયયસ સર... કોઇ આલાપ સાથે બોલ્યું. ફરી કલાસમાં હસાહસ થઇ. આંખ આડા કાન કરી એ બોલ્યા. આઠ... નવ.... દશ... પંદર... યસ સર..

એક ભારે અને ખોખરો અવાજ આવ્યો.

'પ્રોક્સી!' પ્રોફેસર સાહેબ રાડ પાડી. આ મીસ હેમાનો નંબર છે. શું તું હેમાં છે? 'નો સર! હું તો હસમુખ છું.' મારો અને હેમાનો નંબર નજીક નજીક છે.' ખરેખર તો શૈલેષ નામનો છોકરો હસમુખને પોતા માટે પ્રોક્સી બોલાવાનું કહીને ધીમેથી પાછળ સંતાઇ ગયો હતો. તેને ખબર હતી કે હેમાનો રોલ કોલમાં બોલતાં કલાસમાં તે મજાકનું પાત્ર બની જશે.

હસમુખ ડોકું નમાવીને શરમાઇને બેસી ગયો.

'સર આનું લિંગ પરિવર્તન થઇ ગયું છે.' પાછળથી કોઇ બોલ્યું. કલાસમાં ફરી હસાહસ થઇ ગઇ. પ્રોફેશર સાહેબને સમજ પડતી નહોતી કે શું કરવું

'કલાસમાં સાવચેત રહો નહીં તો મજાકનો પાત્ર બનશો.'

ધીમો ખિલખિલાટ ફરી કલાસના વાતાવરણમાં ગુંજી ઉઠ્યો.

'મજાક બહુ થઇ, હવે શાંતિ રાખો, હું આજનો પાઠ શરુ કરું છું. આજની વાર્તા છે... તેમનું વાક્ય વચ્ચે જ અધુરું રહી ગયું. બારણે ઉભેલા એક વિદ્યાર્થી અંદર આવવાની પરમીશન માંગતો હતો. 'મે આઇ કમ ઇન સર...'

તેને 'હા' પાડતાં જ તેની પાછળ બીજા પણ પાંચ છ વિદ્યાર્થીઓ આવીને બેસી ગયા. તેમને પોતાપોતાની જગ્યાએ બેસતાં બીજી ત્રણચાર મિનિટ લાગી ગઇ. પ્રોફેસર સાહેબ કહેવા લાગ્યા. 'જૂઓ મેં પહેલેથી કહ્યું હતું કે મોડા ન આવતા જાવ, તેના કારણે આખો કલાસ ડિસ્ટર્બ થાય છે. જરા વિચાર કરો એક માણસ એક મિનિટ લેટ થાય છે તો દેશના કરોડો માણસો કરોડો મિનિટ લેટ થતાં દેશ કેટલો પાછળ રહી જાય છે. તેથી તમે એક મિનિટ લેઇટ થાવ તેનાથી દેશને કેટલું નુકસાન કરો છો.'

વાહ... વાહ.... કહેતાં એક જણે બેન્ચ થપથપાવતાં બધાં બેંચ થપથપાવવા લાગ્યા.

'સર, આ તો ફિલ્મી ડાયલોગ લાગે છે.' એક વિદ્યાર્થી બોલ્યો.

'સર ખુદ કંઇ કમ છે? બીજા એ કહ્યું. આ રીતે કલાસમાં કોલાહલ થવા લાગ્યો.'

તેથી લેઇટ આવવું અપરાધ છે. દેશની ઉન્નતિ માટે અને ખુદની પ્રગતિ માટે પણ સમયનો સદઉપયોગ જરુરી છે.' એ પોતાની રીતે કહી રહ્યા હતા. જો આજે તમે સમયની કદર નહીં કરો તો કાલે સમય તમારી કદર નહીં કરે. તેથી... એ જ વખતે કલાસમાં એક સામટા ખાંસવાના અવાજો આવવા લાગ્યા.

'આ શું નાલાયકી છે?' પ્રોફેશર ગુસ્સામાં ચિડાયા.

'સર, પીયૂન કંઇક નોટીસ લઇને આવ્યો છે.' એક વિદ્યાર્થીઓ ઊભા થઇ કહ્યું.

'અંદર આવ.'

પટાવાળાના હાથમાંથી નોટીસ લઇ પહેલાં તેમણે પોતે વાંચી. તેમાં સહી કરી કલાસના વિદ્યાર્થીઓ તરફ જોયું. યુનિવર્સિટી તરફથી નવી જાહેરાત છે. હું તમને એ વાંચી સંભળાવું છું.

સૌ વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે 'સિંડિકેટ'ની બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર નિયમિત વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા માટે પંચોત્તેર ટકા હાજરી જરુરી છે. જે વિદ્યાર્થી કલાસમાં પંચોત્તેર ટકાથી ઓછી હાજરી હશે તેને પરીક્ષામાં બેસવા મળશે નહીં.

'નોટીસ સાંભળતાં જ વિદ્યાર્થીઓમાં તેની તાત્કાલિક અસર પડી.'

એક વિદ્યાર્થી 'આવું ગયે વર્ષે નહોતું.'

બીજો 'તો પછી આ વર્ષ શું કામ?'

ત્રીજો 'આ વિદ્યાર્થીઓને અન્યાય છે.'

ચોથો 'અમે આવું નહીં ચલાવી લઇએ.'

'વિદ્યાર્થી એકતા ઝિંદાબાદ...'

પટાવાળો જતો રહ્યો. પ્રોફેસર વિદ્યાર્થીઓને શાંત રહેવા જણાવવા લાગ્યા. આવું કરવું બરાબર નથી. કલાસ પતી ગયા પછી આ મુદ્દે વિચાર કરજો. ચાલો હું ભણાવવાનું શરું કરું છું.

કલાસનું વાતાવરણ શાંત થઇ ગયું. જાણે કે તળાવમાં કોઇ એ કાંકરો ફેંક્યો હોય તેમ વમળો પેદા થયા. અને શાંત થઇ ગયા. શું વિદ્યાર્થીઓ 'સિંડિકેટ' ના આ નિર્ણયને સ્વીકારશે? પ્રોફેસર સાહેબ વિચાર કરવા લાગ્યા.

એક વિદ્યાર્થીને મજાક સુઝી 'સર, પટાવાળો પોપટ પટવર્ધન એ કયો અલંકાર કહેવાય.'

પ્રોફેસર કંઇ બોલ્યા નહીં. પ્રશ્ન પૂછનાર વિદ્યાર્થી તરફ ઘણીવાર સુધી જોતા રહ્યા. 'તમારો આજે ભણવાનો મુજ છે?'

'યસ સર... એક સમાટા અવાજો આવ્યા.'

તે આપણે 'તે બોલ્યો હતો.' વાર્તા ભણીએ. આ વાર્તા નરેન્દ્ર દવે 'સાહિત્ય શ્રીનિધિ'એ લખેલી છે. આનું કથાનક પ્રથમ વિશ્વયુદ્ધની પૃષ્ઠભૂમિ પર આધારિત છે. આ વાર્તામાં પ્રેમ અને કર્તવ્ય વચ્ચેનો દ્વંદ ચિતરવામાં આવ્યો છે તેનો નાયક

'સર, નરેન્દ્ર દવે તો ઠીક આ 'સાહિત્ય શ્રીનિધિ' શું છે?'

'એ સરકાર તરફથી તેમને અપાયેલ સન્માન છે.'

'સર, શું સાહિત્ય શ્રીનિધિ લશ્કરમાં હતા?'

'ના'

'તો પછી આ વાર્તા કઇ રીતે લખી.'

'અનુભૂતિ અને કલ્પનાથી.'

'જેને આપણે માનસિક સ્તરે અનુભવીએ.'

બરાબર... બરાબર...! અમે વિચારતાં હતા કે આ કોઇ પ્રસુતિની જેમ હશે.' કોઇ વિદ્યાર્થી નીચો નીમને બોલી ગયો. કલાસમાં ફરી હસાહસ થઇ.

તો હું વાત કરતો હતો કે આ વાર્તાનો નાયક પ્રેમની બલિવેદી પર...' તેમની વાત અધુરી રહી ગઇ. કેમ કે વચ્ચે એક વિદ્યાર્થી બોલી પડ્યો.

'એવરી થીંગ ઇઝ ફેયર બીટવીન લવ એન્ડ વોર'

'ના, સર અમારે ભણવું છે.'

'તો ચૂપ રહો.' તે ફરી વિષયનું તારાત્મ્ય મેળવાની કોશિશ કરવા લાગ્યા. 'આ વાર્તાની શરુઆત. કાશ્મીરની...'

ટન... ટન... ટન...

'સારું, બાકીની વાર્તા કાલે પુરી કરીશું.' કહીને તેમણે પોતાનું હાજરી રજીસ્ટર અને પુસ્તક ઉપાડ્યું અને બહાર તરફ જવા લાગ્યા. બહાર જઇને રજીસ્ટર અને પુસ્તકને એક બીજા સાથે અથડાવી ખંખેર્યા અને સ્ટાફરુમમાં જઇ રજીસ્ટર પોતાના કબાટમાં નાખ્યું. અરિસામાં જોઇ ટાઇની નોટ સરખી કરી બીજા કલાસમાં જવા માટે બીજું હાજરીપત્રક ઉઠાવ્યું.

સંબંધના સરવાળામાં સ્વીકાર અને સમાધાન

કોઇ વ્યક્તિ આપણને પસંદ કરતી હોય, આપણો સાથ ઝંખતી હોય ત્યારે આપણે શક્ય હોય તો તેની સાથે તાલમેલ જાળવી લેવો જોઇએ, વળી જયારે તમે કોઇ વ્યક્તિને પસંદ કરતા હો અને તેનો સાથ ઇચ્છતા હો ત્યારે તમારે પણ એની સાથે સમાધાન સાધી લેવું જોઇએ

ગુલમહોર
- દિનેશ દેસાઇ

હિન્દી સાહિત્યના શીર્ષસ્થ સાહિત્યકાર, નાટ્યકાર, નિબંધકાર, ઉપન્યાસકાર, ચિંતક-વિચારક રામવૃક્ષ બેનીપુરી (૧૮૯૯-૧૯૬૮)એ લખ્યું છે કે - દરેક સંબંધનું એક મહત્વ હોય છે. દરેક સંબંધની પોતાની શક્તિ અને સામર્થ્ય પણ હોય છે. આમ દરેક સંબંધની એક એક્સપાઈરી ડેટ પણ હોય છે, જેમ દરેક જીવનરક્ષક દવાના પેક ઉપર વપરાશ કરવા માટેની અંતિમ તિથિ લખેલી હોય છે.

દરેક સંબંધને એક નામ હોય છે પરંતુ ક્યારેક કોઈક સંબંધને નામ નથી હોતું. નામ વિનાના સંબંધ ક્યારેક નામવાળા સંબંધ કરતા વધુ ચઢિયાતા અને દમદાર પણ હોઈ શકે. આદિકવિ નરસિંહ મહેતા કહે છે એમ, નામરુપ જૂજવા, અંતે તો હેમનું હેમ. સંબંધ સોનાનો, સુવર્ણમયી એટલે કે મૂલ્યવાન બનાવવો આપણા હાથની વાત છે.

સંબંધના સરવાળામાં સ્વીકાર અને સમાધાન અગત્યનું પરિબળ છે. જયારે લાગણીના સંબંધની વાત આવે ત્યારે આપણે કોઈ વ્યક્તિને પસંદ કરીએ છે, તો એના સમગ્ર અસ્તિત્વ અને સમગ્ર વ્યક્તિત્વનો પણ સ્વીકાર આપોઆપ કરી જ લઈએ છીએ. આપણે ક્યારેય કોઈ વ્યક્તિને અડધા કે આંશિક પસંદ ન કરી શકીએ. ગમાડીએ તો એને પૂરેપૂરા જ ગમાડીએ